વિભાગની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે સિંગલ નોડલ એજન્સી (SNA) નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦૨૦૨૦-૩૫૭૬૭૬-બ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૭/૦૮/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) નાણાં વિભાગનો તા.૨૪/૦૫/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ સીએસએસ/૧૦૨૦૨૦/જીઓઆઇ-૫૧/એફઆર

(૨) આ વિભાગનો ઠરાવ ક્રમાંક : બજટ-૧૦૨૦૨૦-૩૫૭૬૭૬-બ (તા.૩૦/૦૭/૨૦૨૧)

આ મુ ખ :-

નાણાં વિભાગના વંચાણ ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા.૨૪/૦૫/૨૦૨૧ના પત્રથી કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ હેઠળ છુટી કરવામાં આવતી ગ્રાન્ટ અને તેના ઉપયોગની દેખરેખ અંગેની પ્રથામાં તા.૦૧/૦૭/૨૦૨૧થી ફેરફાર કરવા સંબંધે આ વિભાગ દ્વારા કરવાની કાર્યવાહી બાબતે સૂચનાઓ આપેલ હતી જેમાં જણાવ્યા અનુસાર રાજ્ય સરકારના દરેક વહીવટી વિભાગ દ્વારા દરેક સી.એસ.એસ. (કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ) માટે એક સિંગલ નોડલ એજન્સીની નિયુક્ત કરવાની કાર્યવાહી કરવાની રહે છે. આ વિભાગના સંદર્ભ દર્શિત (૨) ના ઠરાવથી વિભાગ હસ્તકની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે સિંગલ નોડલ એજન્સી નક્કી કરવામાં આવી હતી. તે સિવાયની નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની બાકી રહેલ યોજનાઓ માટે સિંગલ નોડલ એજન્સી નિમવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

પુખ્ત વિચારણાના અંતે આ વિભાગની નીચે મુજબની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (ફોન નં.૦૭૯-૨૩૨-૫૩૨૪૫ ઇ-મેઇલ આઇડી- dire-dcw@gujarat.gov.in)ને સિંગલ નોડલ એજન્સીની નિયુક્તિ કરવામાં આવે છે.

| અનુ. | યોજનાનું નામ |
|---|---|
| 1 | OBC-3 Govt. of India Pre Matric Scholarship to OBC Students |
| 2 | OBC-4 Govt. of India Post Matric Scholarship to OBC Students |
| 3 | Dr. Ambedakar Pre-Matric and Post-Matric Scholarship for DNTs |

| | |
|---|---|
| 4 | Dr. Ambedakar Pre-Matric and Post-Matric Scholarship to Students belonging to Economically Backward Classes (EBCs) |

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નોંધ પર મળેલ અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૨૭/૦૮/૨૦૨૧ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.જે.ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાનાઃ-

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.)ના અંગત મદદનીશ, નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(પેન્શન અને તિજોરી/ ફોરકાસ્ટ)ના અંગત મદદનીશ, નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર
- સર્વે અધિક/સંયુક્ત/નાયબ સચિવશ્રીઓ, ઉપ સચિવશ્રીઓ, સેક્શન અધિકારીશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ-૨૦૨૧